# આણંદ કૃષિ યુનિવર્સિટી અને મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રીની કચેરી, આણંદના સંયુક્ત ઉપક્રમે મત્સ્યોદ્યોગ શિબિર યોજાઇ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ તેમજ મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રીની કચેરી, આણંદના સંયુક્ત ઉપક્રમે મત્સ્યબીજ કેન્દ્ર, લિંગડા ખાતે "રાષ્ટ્રિય મત્સ્ય ખેડુત દિવસ" અંતર્ગત મત્સ્યોદ્યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં શ્રી કે. આર. પટણી, નાયબ મત્સ્યોધોગ નિયામકશ્રી, વડોદરા; શ્રીમતી સી. એન. સુચક, મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, આણંદ; શ્રી જે. એચ. ભટ્ટ, વૈજ્ઞાનિક (ફીશરીઝ), કે.વિ.કે., આ.કૃ.યુ., દેવાતજ; શ્રી અશોકભાઇ ગોહેલ, સરપંચશ્રી, લિંગડા; શ્રી અશરફભાઇ મેમણ, પ્રમુખશ્રી, આણંદ જિલ્લા મત્સ્ય ઉછેર સહકારી મંડળી અને શ્રી તેહજીબખાન પઠાણ, પ્રગતિશીલ મત્સ્ય ખેડ્રત, નાપા તેમજ ૮૦ જેટલા મત્સ્ય ખેડૂતો હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રીમતી સી. એન. સુચક દ્વારા ડો. હીરાલાલ ચૌધરી અને ડો. અલી કુન્હી વૈજ્ઞાનિકોને એમની પ્રેરિત સંવર્ધન પદ્ધતિ સંબંધે આપેલ અમૂલ્ય યોગદાન બદલ યાદ કરી ઉપસ્થિત તમામ મત્સ્ય ખેડ્રતોને મત્સ્યોદ્યોગ ખાતાની વિવિધ સહાય યોજનાઓ, કેન્દ્ર સરકારશ્રીની પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના, ગામતળાવ ઈજારા નીતિ-૨૦૦૩, NFDP પોર્ટલ પર મત્સ્ય ખેડ્રતો નું રજિસ્ટ્રેશન, કિસાન ક્રેડિટ કાર્ડ ,આઇ ખેડુત પોર્ટલ ઉપર સહાય માટેની અરજીઓ કેવી રીતે કરવી તે અંગે માહિતગાર કરી પ્રતિબંધિત માછલીઓનું વેચાણ કે ઉછેર ન કરવા પ્રેરિત કરે.

શ્રી જે. એચ. ભટ્ટ દ્વારા આણંદ જીલ્લામાં માછલી અને મત્સ્ય બીયારણનું વૈજ્ઞાનિક રીતે ગામ તળાવમાં ઉત્પાદન વધુમાં વધુ થાય તે અંગે માર્ગદર્શન આપવામાં આવેલ.

શ્રી અશરફભાઇ મેમણે ગામ તળાવના ઇજારા વિશે મત્સ્ય ખેડ્રતોને પડતી મુશ્કેલીઓની ચર્ચા કરી વધુમાં વધુ ખેડ્રતો કેન્દ્ર તેમજ રાજ્ય સરકારશ્રીની યોજનાઓનો લાભ લે તેના પર ભાર મુકેલ. શ્રી તેહજીબખાન પઠાણ દ્વારા મત્સ્ય ઉછેરમાં તેમની સફળ ગાથા જણાવેલ.

મુખ્ય મહેમાન, નાયબ મત્સ્યોધોગ નિયામકશ્રી વડોદરા શ્રી કે. આર. પટણી દ્વારા બીજા પાંચ વર્ષ માટે જેના ગામ તળાવો રીન્યુ કરવાના હતા એ ઈજારદારોને વધુ બીજા પાંચ વર્ષની સમય મર્યાદા લંબાવી આપવા માટેના ઇજારા હુકમો આપવામાં જણાવેલ.

સમગ્ર તાલીમ કાર્યક્રમનું આયોજન અને સંચાલન શ્રી વી.ટી. બ્રહ્માણે, મત્સ્યોદ્યોગ અધિક્ષક, લિંગડા દ્વારા કરવામાં આવેલ.


NATIONAL FISH FARMERS DAY 2025
NATIONAL FISH FARMERS DAY


NATIONAL FISH FARMERS DAY 2025




NATIONAL FISH FARMERS DAY 2025

